# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૭ (C) તા.૨૦-૯ -૧૭

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર-૨૦૧૭-૧૮ અંગેનું ફોર્મ ભરવા બાબત.

સંદર્ભઃ- ૧ D.O. No. F.27-11/2017-EE, 16, Dt. 11/09/2017.

૨ એસ.પી.ઓ. કચેરી ક્રમાંક એસએસએ/સિવિલ/૨૦૧૭/૩૬૯૯૫-૩૭૦૪૨ તા.૧૫-૯-૧૭

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા તા.૧ લી સપ્ટેમ્બર સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર (૨૦૧૭-૧૮)ની શરૂઆત કરવામાં આવેલ છે. જે મુજબ રાજ્યની તમામ શાળાઓએ તેમાં ભાગ લઈ શાળામાં પાણી, શૌચાલય અને આરોગ્યલક્ષી સ્વચ્છતા અંગેની માહિતી નિર્ધારિત સમય મર્યાદામાં SVP APP અથવા SVP Website પર ભરવાની થાય છે.

આ અનુસંધાને સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર(૨૦૧૭-૧૮)ના ફોર્મ સર્વે કરનાર દ્વારા આપની શાળામાં પહોંચાડવામાં આવનાર છે તેમજ ફોર્મ ભરીને જે-તે સર્વે કરનાર શાળામાં આવે ત્યારે તેને મુખ્ય શિક્ષકશ્રીએ ફોર્મ સાથે પ્રમાણપત્ર પેજ નં. ૧૦ મુજબ આપવાના રહેશે.

આપની શાળાના ફોર્મમાં જણાવેલ પેજ નં.૯ મુજબ ૮ પ્રકારના ફોટોગ્રાફસ સાથે મેઈલમાં શાળાનું નામ તથા મુખ્ય શિક્ષકશ્રી દર્શાવી amcsvp2017@gmail.com પર મેઈલ કરવાના રહેશે. નોમીનેશનની ઓનલાઈન એન્ટ્રી જિલ્લાકક્ષા દ્વારા કરવામાં આવનાર છે. જેમાં ફોર્મમાં જણાવેલ મુખ્ય શિક્ષકશ્રીના મોબાઈલ ઉપર OTP આવશે જે નીચે જણાવેલ કોમ્પ્યુટર ઓપરેટરને જણાવવાનો રહેશે.

| ક્રમ | ફાળવેલ ઝોનનું નામ | કોમ્પ્યુટર ઓપરેટરનું નામ | કોન્ટેકટ નંબર (સમય ૧૧ થી ૬) |
|---|---|---|---|
| ૧ | ઉત્તર | ઝિનલબેન ચૌહાણ | ૭૬૦૦૫૯૪૭૯૯ |
| ૨ | દક્ષિણ | રચનાબેન મોદી | ૯૪૦૮૮૭૨૪૯૭ |
| ૩ | પૂર્વ | સ્વિટીબેન સોની | ૯૪૨૮૨૬૭૩૧૯ |
| ૪ | પશ્ચિમ - મધ્ય | લતાબેન યાદવ | ૯૭૧૨૯૬૫૮૦૨ |
| ૫ | હિન્દી ઉર્દૂ | વિજયભાઈ રાઠોડ | ૯૭૧૨૯૬૩૭૦૧ |

તા.૨૦-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર (૨૦૧૭-૧૮)

શાળાનો U-DISE કોડ: | | | | | | | | | | | |

શાળાનું નામ: ______________________

જિલ્લો: ______________________

તાલુકો: ______________________


કલસ્ટર: ______________________

ગામ: ______________________

પીનકોડ: ____________

શાળા વ્યવસ્થાપન: સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ ☐ પ્રાઇવેટ ☐

વિસ્તાર: ગ્રામ્ય ☐ શહેરી ☐




## *પાણી, શૌચાલય અને આરોગ્યલક્ષી સ્વચ્છતાની*

બાબતોમાં શ્રેષ્ઠ કામગીરી બદલ શાળાનું સન્માન



### ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.

| | |
|---|---|
| નોમિનેશન ફોર્મ ભરીને તબક્કાવાર પહોંચાડવાની છેલ્લી તારીખ | તા.૧૯/૦૯/૨૦૧૭ થી તા.૧૩/૧૦/૨૦૧૭ |
| નોમિનેશનની ઓનલાઇન એન્ટ્રી કરવાની છેલ્લી તારીખ | તા.૨૭/૧૦/૨૦૧૭ |

## એનેક્ષર-૧

શાળા કક્ષાએ માહિતીનું સ્વ-મૂલ્યાંકન પત્રક : (લાગુ પડતુ હોય ત્યાં ☑ નિશાની કરવી)

## વિભાગ - એ : પ્રાથમિક માહિતી

[૧] U-DISE કોડ: ☐☐☐☐☐☐☐☐☐☐☐

[૨] શાળાનું નામ અને સરનામું: ______________________________

[૩] ફોર્મ ભરનારનું નામ: ______________________________

[૪] ફોર્મ ભરનારનો હોદ્દો :

(એ) આચાર્ય ☐ (બી) કાર્યકારી મુખ્ય શિક્ષક ☐

(સી) શિક્ષક ☐ (ડી) અન્ય ☐

[૫] ફોર્મ ભરનારનો સંપર્ક કરવા માટેની માહિતી.

(એ) શાળાનો ફોન નં. ____________________ (બી) મોબઇલ ____________________

(સી) ઇ-મેલ આઇડી ______________________________

[૬] શાળાની કક્ષા:

(એ) પ્રાથમિક (ધો.૧-૫) ☐

(બી) પ્રાથમિક સાથે ઉચ્ચત્તર પ્રાથમિક (ધો. ૧-૮) ☐

(સી) પ્રાથમિક સાથે ઉચ્ચત્તર પ્રાથમિક તથા માધ્યમિક (ધો.૧-૧૦) ☐

(ડી) પ્રાથમિક સાથે ઉચ્ચત્તર પ્રાથમિક તથા માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક (ધો.૧-૧૨) ☐

(ઇ) ઉચ્ચત્તર પ્રાથમિક શાળા (ધો.૬-૮) ☐

(એફ) ઉચ્ચતર પ્રાથમિક સાથે માધ્યમિક (ધો.૬-૧૦) ☐

(જી) ઉચ્ચત્તર પ્રાથમિક સાથે માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક (ધો.૬-૧૨) ☐

(એચ) ફકત માધ્યમિક (ધો.૯-૧૦) ☐

(આઇ) માધ્યમિક સાથે ઉચ્ચત્તર માધ્યમિક (ધો.૯-૧૨) ☐

[૭] શાળાનો પ્રકાર:

(એ) કુમાર શાળા ☐ (બી) કન્યા શાળા ☐ (સી) મિશ્ર શાળા ☐

[૮] શાળા મકાનનો ઉપયોગ :

(એ) એક શાળામાં એક જ પાળી ☐

(બી) એક જ શાળામાં બે પાળી ☐

(સી) એક કેમ્પસમાં જુદા જુદા યુ-ડાયસ કોડ વાળી એક કરતા વધારે શાળાઓ ☐

[૯] શાળાનું સ્થાપના વર્ષ : ______________________________

[૧૦] શાળાનું સ્થાન : (એ) ગ્રામ્ય વિસ્તાર ☐ (બી) શહેરી વિસ્તાર ☐

[૧૧] બોર્ડનું નામ : (એ) ગુજરાત બોર્ડ ☐ (બી) અન્ય : ____________________

[૧૨] વિદ્યાર્થીઓના પ્રવેશની સંખ્યા: (એ) કુમાર ____________ (બી) કન્યા ____________

[૧૩] CWSN બાળકોની સંખ્યા : (એ) કુમાર ____________ (બી) કન્યા ____________

[૧૪] શિક્ષકો અને કર્મચારીની સંખ્યા:(એ) પુરૂષો ____________ (બી) સ્ત્રીઓ ____________

[૧૫] સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર – ૨૦૧૬-૧૭ મા એવોર્ડ જીતેલી શાળાની માહિતી

(એ) જિલ્લા કક્ષાએ ☐

(બી) રાજય કક્ષાએ ☐

(સી) રાષ્ટ્રીય કક્ષાએ ☐

- કોલમ (૧) થી (૧૫) ઓનલાઇન ભર્યા પછી Save કરવું
- SMS થી OTP ઉકત કોલમ (૫) ના મોબાઇલ નંબર પર મળશે.
- આગળની વિગતો શાળા U-DISE કોડ અને OTP થી Login થઇ ભરી શકાશે

## વિભાંગ - બી : મૂલ્યાંકન શ્રેણીઓ (કેટેગરીઓ)

### પાણી

- સ્વચ્છ અને સલામત પીવાના પાણીની ઉપલબ્ધતા
- ટોયલેટ અને હાથ ધોવા માટે પાણીની પ્રાપ્યતા

[૧] શાળામાં પીવાના પાણીનો સ્ત્રોત શું છે?

(એ) વિદ્યાર્થીઓ માટે પીવાનું પાણી ઉપલબ્ધ નથી. ☐

(બી) વિદ્યાર્થીઓ ઘરેથી પીવાનું પાણી લાવે છે. ☐

(સી) શાળા સંકુલમાં હેન્ડ પંપ / કુવો ☐

(ડી) શાળા દ્વારા ગાળેલું / RO / UV આધારિત પાણી પૂરૂ પાડવામાં આવે છે. ☐

(ઇ) શાળા સંકુલમાં પીવાના પાણીની ટાંકીમાં શુદ્ધ કરેલુ પાણી સંગ્રહ કરી પૂરૂ પાડવામાં આવે છે. ☐

**સુચના: જો તમારો જવાબ (એ) અથવા (બી) હોય તો, તમને પ્રશ્ન ક્રમાંક નંબર ૨ થી ૪ લાગુ પડતા નથી. મહેરબાની કરીને પાંચમાં પ્રશ્ન પર પહોંચો.**

[૨] શાળામાં ઉપલબ્ધ પીવાના પાણીનો જથ્થો કેટલો છે?

(એ) પ્રતિ દિવસ વિદ્યાર્થી દીઠ ૧.૫ લિટર કરતાં ઓછું ☐

(બી) આખા વર્ષ દરમ્યાન પ્રતિ દિવસ વ્યક્તિ દીઠ ૧.૫ લિટર કરતાં વધું ☐

[૩] શાળામાં પીવાના પાણીનો સંગ્રહ કેવી રીતે થાય છે?

(એ) પીવાના પાણીનો સંગ્રહ કરવા માટે કોઇ વ્યવસ્થા નથી. ☐

(બી) પીવાના પાણીનો સંગ્રહ કરવા માટે કન્ટેનર / માટલુ કે અન્ય પાત્ર ☐

(સી) ઢાંકણા અને કડછો (ડાયો) સાથે કન્ટેનર / માટલુ કે અન્ય પાત્ર ☐

[૪] શું પીવાના પાણીની ગુણવત્તાનું પરીક્ષણ કરવામાં આવે છે?

(એ) પરીક્ષણ કરવામાં આવતુ નથી. ☐

(બી) વર્ષમાં એક વખત પરીક્ષણ કરવામાં આવે છે. ☐

(સી) વર્ષમાં બે વખત પરીક્ષણ કરવામાં આવે છે. ☐

[૫] ટોયલેટમાં ઉપયોગ કરવા માટે પાણીનો સ્ત્રોત શું છે ?

(એ) પાણી ઉપલબ્ધ નથી. ☐

(બી) હેન્ડ પંપ / ટોયલેટ પાસે પાણીની ડોલ ☐

(સી) ડ્રમ(પીપડું)/સિમેન્ટની ટાંકી/ટોયલેટની અંદર પાણી ભરેલું પ્લાસ્ટિકનું વાસણ/કન્ટેનર ☐

(ડી.) દરેક ટોયલેટમાં શૌચાલયની અંદર નળ દ્વારા સતત પાણીનો પુરવઠો ☐

[૬] ટોયલેટનો ઉપયોગ કર્યા પછી હાથ ધોવા માટેનું શું સાધન છે?

(એ) પાણી ઉપલબ્ધ નથી. ☐

(બી) હાથ ધોવાની જગ્યા પાસે હેન્ડ પંપ અથવા પાણીની ડોલ ☐

(સી) હાથ ધોવાની જગ્યા પાસે પાણી ભરેલું ડ્રમ(પીપડું)/સિમેન્ટની ટાંકી/પ્લાસ્ટિકનું વાસણ ☐

(ડી) હાથ ધોવાના બધા જ સ્થળ પર નળમાં પાણીની ઉપલબ્ધતા ☐

સુચના: જો તમારો જવાબ **(એ)** હોય તો, પ્રશ્ન ક્રમાંક ૧૯ અને ૨૦ તમને લાગુ પડતો નથી

[૭] શું મધ્યાહ્ન ભોજન / બપોરે જમવાના સમય પહેલા વિદ્યાર્થીઓ અને રસોઇયાને હાથ ધોવા માટે પાણીનો સ્ત્રોત છે?

(એ) પાણી ઉપલબ્ધ નથી. ☐

(બી) હેન્ડ પંપ / હાથ ધોવાની જગ્યા પાસે પાણીની ડોલ. ☐

(સી) હાથ ધોવાની જગ્યા પાસે પાણી ભરેલું ડ્રમ(પીપડું)/સિમેન્ટની ટાંકી/પ્લાસ્ટિકનું વાસણ ☐

(ડી) હાથ ધોવાના બધા જ સ્થળ પર નળ દ્વારા પાણી આવવું. ☐

**સુચના: જો જવાબ (એ) હોય તો, પ્રશ્ન નંબર ૨૧, ૨૨ અને ૨૩ તમને લાગુ પડતા નથી**

**[૮] શું શાળામાં વરસાદના પાણીના સંગ્રહ માટેની પદ્ધતિ (રેઇન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ) કાર્યરત છે.?**

(એ) ના ☐ (બી) હા ☐

## ટોયલેટ

- કુમાર અને કન્યા માટે અલગ અને કાર્યરત ટોયલેટ (શૌચાલય)
- કુમાર અને કન્યા માટે અલગ અને કાર્યરત મૂતરડી
- CWSN બાળકો, શિક્ષકો અને કર્મચારીઓ માટે કાર્યરત ટોયલેટ

**[૯] શું શાળામાં કુમાર અને કન્યા માટે અલગ-અલગ ટોયલેટ યુનિટ (૧ શૌચાલય અને ૩ મૂતરડી) કાર્યરત અવસ્થામાં છે? (જો કુમાર શાળા અથવા કન્યા શાળા હોય તો આ પ્રશ્નનો જવાબ આપવાનો નથી)**

(એ) શાળામાં કુમાર અને કન્યા માટે કોઇ શૌચાલય નથી. ☐

(બી) કુમાર અને કન્યા એક જ શૌચાલયનો ઉપયોગ કરે છે. ☐

(સી) બધા જ કુમાર / કન્યા માટે અલગ-અલગ શૌચાલય છે. ☐

(ડી) જો મિશ્ર શાળા હોય તો કુમાર અને કન્યા માટે ઓછામાં ઓછું એક શૌચાલય છે. ☐

**સુચના: - જો જવાબ (એ) હોય તો, ૧૦ થી ૧૩ ક્રમના પ્રશ્નોના જવાબ આપવાના નથી. મહેરબાની કરીને પ્રશ્ન ક્રમાંક ૧૪ પર જાઓ.**

**- જો જવાબ (બી) હોય તો ૧૦ અને ૧૧ નંબરના પ્રશ્ન તમને લાગુ પડતા નથી. મહેરબાની કરીને પ્રશ્ન નંબર ૧૨ પર જાઓ.**

**[૧૦] શાળામાં કુમાર અને કન્યા માટે ઉપયોગમાં લેવાય તેવી સ્થિતિમાં કેટલા શૌચાલય છે?**

(એ) કુમાર ________ **(જો કન્યા શાળા હોય તો કુમાર માટે શૌચાલયની સંખ્યા આપવાની નથી)**

(બી) કન્યા ________ **(જો કુમાર શાળા હોય તો કન્યા માટે શૌચાલયની સંખ્યા આપવાની નથી)**

**[૧૧] શાળામાં કુમાર અને કન્યા માટે ઉપયોગમાં લેવાય તેવી સ્થિતિમાં કેટલી મૂતરડી છે?**

(એ) કુમાર __________ **(જો કન્યા શાળા હોય તો કુમાર માટે મૂતરડીની સંખ્યા આપવાની નથી)**

(બી) કન્યા _________ (જો કુમાર શાળા હોય તો કન્યા માટે મૂતરડીની સંખ્યા આપવાની નથી)

**[૧૨] શું CWSN બાળકો માટે શાળામાં શૌચાલય છે?**

(એ) શાળામાં CWSN માટે શૌચાલય નથી. ☐

(બી) શળામાં ઓછામાં ઓછું એક શૌચાલય CWSN માટે ઉપલબ્ધ છે. ☐

(સી) શાળામાં ઓછામાં ઓછું એક શૌચાલય CWSN માટે રેમ્પ-રેલિંગ સાથે ઉપલબ્ધ છે ☐

(ડી) શાળામાં ઓછામાં ઓછું એક અલગ CWSN ટોયલેટ રેમ્પ-રેલિંગ, વ્હીલચેર જઇ શકે તેવા મોટા દરવાજા તેમજ CWSN ને મદદરૂપ થાય તેવી ટોયલેટની અંદરની સુવિધાઓ સાથે ઉપલબ્ધ છે ☐

**[૧૩]** શું શાળામાં તમામ વયના બાળકો માટે યોગ્ય ઉંચાઇ અને માપ પ્રમાણે શૌચાલય અને મુતરડીની સુવિધા છે?

(એ) ના ☐ (બી) હા ☐

**[૧૪]** શું શાળામાં શિક્ષકો અને કર્મચારીઓ માટે અલગ શૌચાલય છે?

(એ) શૌચાલય નથી. ☐

(બી) શિક્ષકો અને કર્મચારીઓ માટે એક અલગ શૌચાલય છે. ☐

(સી) પુરૂષ અને મહિલા શિક્ષકો / કર્મચારીઓ માટે અલગ શૌચાલય છે. ☐

(ડી) વિદ્યાર્થીઓ માટે જે શૌચાલય બનાવવામાં આવેલ છે તે જ શિક્ષકો અને ☐ કમર્ચારીઓ ઉપયોગ કરે છે.

**[૧૫]** શું શાળાના બધા જ ટોયલેટ બંધ થઇ શકે તેવા સુરક્ષિત દરવાજાવાળા અને કપડા / નેપકીન લટકાવી શકાય તે માટે હુકની વ્યવસ્થાવાળા છે?

(એ) નથી. ☐

(બી) બંધ થઇ શકે તેવા સુરિક્ષત દરવાજાવાળુ ☐

(સી) બંધ થઇ શકે તેવા સુરિક્ષત દરવાજાવાળુ અને નેપકીન લટકાવી શકાય તે માટે હુંક ☐

**[૧૬]** શું બધા જ શૌચાલયમાં છત અને કુદરતી હવા-ઉજાશની અવર-જવર માટે વ્યવસ્થા છે ?

(એ) ના ☐ (બી) હા ☐

[૧૭] શું શાળામાં સેનેટરી નેપકીનના નિકાલ માટે ઢાંકણાવાળી કચરા પેટી છે? (જો શાળા પ્રાથમિક ધોરણ ૧ થી ૫ સુધીની મિશ્ર શાળા/કુમાર શાળા/ કન્યા શાળા હોય તો આ પ્રશ્નનો જવાબ આપવાનો નથી)

(એ) ના ☐ (બી) હા ☐

[૧૮] શું શાળામાં સેનેટરી નેપકીનને સુરક્ષિત ઉપચાર/નિકાલ માટે વિકલ્પ (ઇન્સીનરેટર) કાર્યરત હાલતમાં છે (ઇન્સીનરેટરમાં સેનેટરી નેપકીનને સલામતીથી બાળવા માટે જરૂરી તાપમાન /ઉંડા ખાડામાં નાખવા માટે સાધનો ઉપલબ્ધ હોવા જરૂરી છે)

(એ) ના ☐ (બી) હા ☐

## સાબુથી હાથ ધોવા

- ટોયલેટના ઉપયોગ પછી ઉપયોગમાં લેવાય તેવી સાબુ સાથેની હાથ ધોવાની વ્યવસ્થા
- ભોજન પહેલા ઉપયોગમાં લેવાય તેવી સાબુ સાથેની હાથ ધોવાની વ્યવસ્થા

[૧૯] શું શાળામાં ટોયલેટનો ઉપયોગ કર્યા પછી હાથ ધોવાની વ્યવસ્થા છે?

(એ) ટોયલેટ પાસે હાથ ધોવાની વ્યવસ્થા નથી . ☐

(બી) ટોયલેટ પાસે વોશ બેસિન અથવા હાથ ધોવાની વ્યવસ્થા છે. ☐

(સી) દરેક ટોયલેટની અંદર અથવા સાથે હાથ ધોવાની વ્યવસ્થા છે. ☐

સુચના: - જો જવાબ (એ) હોય તો પ્રશ્ન નંબર ૨૦ તમને લાગુ પડતો નથી. મહેરબાની કરીને પ્રશ્ન નંબર ૨૧ પર જાઓ.

[૨૦] શું શાળા ટોયલેટનો ઉપયોગ કર્યા બાદ હાથ ધોવા માટે સાબુ પુરા પાડે છે?

(એ) સાબુ ઉપલબ્ધ નથી. ☐

(બી) સાબુ દેખરેખ હેઠળ મુકવામાં આવે છે અને જરૂરિયાત મુજબ ઉપલબ્ધ કરાવાય છે. ☐

(સી) દરેક હાથ ધોવાની જગ્યા પર હંમેશા સાબુ ઉપલબ્ધ હોય છે. ☐

[૨૧] શું શાળામાં મધ્યાહ્ન ભોજન સમયે/ બપોરના જમવાના સમય પહેલા સમુહમાં હાથ ધોવડાવવાની સુવિધા છે?

(એ) હાથ ધોવા માટે કોઇ સુવિધા નથી. ☐

(બી) હા, જમવાની જગ્યાની બાજુમાં પાણી ભરેલી ડોલ / હેન્ડ પંપની વ્યવસ્થા છે. ☐

(સી) હા, હાથ ધોવા માટે પાણીના નળની સુવિધા છે. કેટલા નળ છે ______________

સુચના: - જો જવાબ (એ) હોય તો, પ્રશ્ન ક્રમાંક ૨૨ થી ૨૪ તમને લાગુ પડતા નથી. મહેરબાની કરીને પ્રશ્ન નંબર-૨૫ પર જાઓ.

[૨૨] શું શાળા દ્વારા મધ્યાહન ભોજન / બપોરે જમવાના સમય પહેલા હાથ ધોવા માટે સાબુ ઉપલબ્ધ કરાવવામાં આવે છે?

(એ) સાબુ ઉપલબ્ધ નથી. ☐

(બી) સાબુ દેખરેખ હેઠળ મુકવામાં આવે છે અને જરૂરિયાત મુજબ ઉપલબ્ધ કરાવાય છે. ☐

(સી) દરેક હાથ ધોવાની જગ્યા પર હંમેશા સાબુ ઉપલબ્ધ હોય છે. ☐

[૨૩] શું બધા જ બાળકો મધ્યાહન ભોજન / બપોરે જમવાના સમય પહેલા સાબુ દ્વારા હાથ ધોવે છે?

(એ) ના, બધા નહી ☐ (બી) હા, બધાજ બાળકો સાબુ દ્વારા હાથ ધોવે છે. ☐

[૨૪] શું શાળામાં દરેક હાથ ધોવાની સુવિધાની ઉચાઇ દરેક ઉંમરના બાળકો માટે યોગ્ય છે?

(એ) ના ☐ (બી) હા ☐

## વ્યવસ્થા અને જાળવણી

- ઘન અને પ્રવાહી કચરાનો સલામત નિકાલ
- શાળાના વાતાવરણની સ્વચ્છતા અને જાળવણી

[૨૫] શાળા દ્વારા કચરાના એકત્રિકરણ માટે દરેક વર્ગખંડ, કિચન શેડ (રસોડા) આગળ, ટોયલેટ અને અન્ય જરૂરી જગ્યાઓ પર ડસ્ટબીન પુરા પાડવામાં આવે છે?

(એ) ના ☐ (બી) હા ☐

[૨૬] શાળા દ્વારા ઘન કચરાનો નિકાલ કઇ રીતે કરવામાં આવે છે ?

(એ) કોઇ ચોક્કસ પગલાં લીધેલ નથી. ☐

(બી) કચરા માટેના ખાડામાં અથવા પંચાયત / જાહેર કચરાપેટીમાં ☐

(સી) જૈવિક અને અજૈવિક કચરાનું વર્ગીકરણ કરી કચરા માટેના ખાડામાં અથવા પંચાયત/ જાહેર કચરા પેટીમાં ☐

(ડી) જૈવિક કચરાનું ખાતર અને અજૈવિક કચરાને ખાડામાં અથવા પંચાયત/ જાહેર કચરા પેટીમાં ☐

[૨૭] શાળા દ્વારા પ્રવાહી કચરાનો નિકાલ કઇ રીતે કરવામાં આવે છે?

(એ) કોઇ ચોક્કસ પગલાં લીધેલ નથી. ☐

(બી) ખુલ્લામાં વહાવવું ☐

(સી) અકસ્માતથી બચવા માટે ઢાકેલો શોષ ખાડો ☐

(ડી) અકસ્માતથી બચવા માટે ઢાકેલો સેપ્ટીક ટેંક / જૈવિક ટોયલેટ / ગટર લાઇન ☐

[૨૮] શાળાના પરિસરમાં જયાં ત્યાં પાણી ભરાતું નથી ને ? ખુચોખ્ પરિસર તેમજ છ આવે રાખવામાં ?

(એ) ના ☐ (બી) હા ☐

[૨૯] વર્ગખંડો તેમજ અધ્યાપન વિસ્તારની રોજ સફાઇ કરવામાં આવે છે?

(એ) ના ☐ (બી) હા ☐

[૩0] ટોયલેટને કેટલીવાર સાફ કરવામાં આવે છે?

(એ) નિર્ધારિત સમયપત્રક નથી ☐ (બી) સાપ્તાહમાં એક વાર ☐

(સી) સપ્તાહમાં બે વાર ☐ (ડી) દરરોજ ☐

[૩૧] ટોયલેટને સફાઇના યોગ્ય સંસાધનો દ્વારા સાફ કરવામાં આવે છે?

(એ) ફકત પાણી વડે ☐

બી) મહિનામાં ઓછામાં ઓછુ એકવાર ડિટર્જન્ટ અથવા જંતુનાશક દ્વારા ☐

(સી) સપ્તાહમાં ઓછામાં ઓછુ બે વાર ડિટર્જન્ટ અથવા જંતુનાશક દ્વારા ☐

(ડી) દરરોજ ડિટર્જન્ટ અને જંતુનાશક દ્વારા ☐

## વ્યવહારમાં બદલાવ અને ક્ષમતા નિર્માણ

- વિદ્યાર્થીઓ અને રસોઇયા દ્વારા આરોગ્ય વર્ધક પ્રયાસો
- શાળામાં આરોગ્ય સંદર્ભે શિક્ષણ

[૩૨] શું શાળાના ઓછામાં ઓછા બે શિક્ષકોને સ્વચ્છતા અને આરોગ્ય વિશે તાલીમ આપવામાં આવેલ છે?

(એ) ના ☐ (બી) હા ☐

[૩૩] શું શાળામાં બાળ સંસદની રચના થયેલ છે જે સ્વચ્છતા અને આરોગ્ય વિશેની પ્રવૃતિઓમાં સક્રિયપણે ભાગ ભજવતી હોય?

(એ) ના ☐ (બી) હા ☐

[૩૪] શાળામાં સ્વચ્છતા સંકુલ (ટોયલેટ) ની સફાઇ અને જાળણવીની દેખરેખ કોણ રાખે છે?

(એ) નિર્ધારિત કરેલ નથી ☐

(બી) શિક્ષકો, અન્ય સ્ટાફ અને બાળ સંસદના બાળકો ☐

[૩૫] શાળા મધ્યાહ્ન ભોજન બનાવતા પહેલા રસોઇયા અને જમતા પહેલા બાળકો નિયમિત સાબુથી હાથ ધોવે છે કે નહિ તેની દેખરેખ કોણ રાખે છે?

(એ) નિર્ધારિત કરેલ નથી. ☐

(બી) શિક્ષકો/ અન્ય સ્ટાફ ☐

(સી) નિર્ધારિત કરેલ શિક્ષકો / અન્ય સ્ટાફ ☐

(ડી) નિર્ધારિત કરેલ શિક્ષકો / અન્ય સ્ટાફ અને બાળ સંસદના બાળકો ☐

[૩૬] શું શાળા ધ્વારા બાળકોને પ્રાર્થના સભામાં કે અન્ય રીતે સ્વચ્છતા અને આરોગ્ય સાથે નિયમિત હાથ ધોવાની ટેવો વિશે જાગૃત કરવામાં આવે છે ?

(એ) ના ☐ (બી) હા ☐

[૩૭] વિદ્યાર્થીનીઓને માસિક ધર્મ વિશેની સમજણ આપવામાં આવે છે? (જો શાળા પ્રાથમિક ધોરણ ૧ થી ૫ સુધીની મિશ્ર શાળા/કુમાર શાળા/ કન્યા શાળા હોય તો આ પ્રશ્નનો જવાબ આપવાનો નથી)

(એ) ઉચ્ચ પ્રાથમિક અને હાઇસ્કુલમાં વિદ્યાર્થીનીઓ નથી. ☐

(બી) સમજણ આપવામાં આવતી નથી . ☐

(સી) ઓછામાં ઓછુ ત્રણ મહિનામાં એકવાર ☐

(ડી) ઓછામાં ઓછુ બે મહિનામાં એકવાર ☐

(ઇ) ઓછામાં ઓછુ મહિનામાં એકવાર ☐

[૩૮] સ્વચ્છતા અને આરોગ્ય વિશે શાળા દ્વારા નિયમિત રીતે સાંસ્કૃતિક કાર્યક્રમ સ્પર્ધાઓ (નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા) નું આયોજન કરવામાં આવે છે?

(એ) ના ☐ (બી) હા ☐

[૩૯] શું શાળા દ્વારા પાણી, સ્વચ્છતા અને આરોગ્યની સમજણને પ્રોત્સાહિત કરવા માટે પોસ્ટર કે અન્ય સંસાધનનો ઉપયોગ કરવામાં આવે છે?

(એ) ના ☐ (બી) હા ☐

## <u>ફોટા</u>

a. પાણીની ચકાસણીનો રીપોર્ટ
b. શિક્ષકોની તાલીમનું પ્રમાણપત્ર અથવા દસ્તાવેજ
c. શાળાના આગળના ભાગ અને કેમ્પસનો ફોટો
d. કુમાર અને કન્યા માટે અલગ-અલગ કાર્યરત શૌચાલય (બે ફોટા)
e. કાર્યરત CWSN શૌચાલય
f. સેનેટરી નેપકીનના નિકાલ માટે કચરાની ભઠ્ઠી (ઇન્સીનરેટર)
g. ટોયલેટનો ઉપયોગ કર્યા બાદ અને જમતા પહેલા સાબુથી હાથ ધોવા માટેની સુવિધા (દરેકનો એક ફોટો)

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, પાન નંબર ૧ થી ૭ અંતર્ગત શાળાની સમગ્ર માહિતી મુખ્ય શિક્ષક/ શિક્ષક દ્વારા ભરાઇ છે. જેની ચકાસણી કરેલ છે અને સદર માહિતી સંપૂર્ણ સાચી છે.

મુખ્ય શિક્ષકની સહી: ____________________________________________

મુખ્ય શિક્ષકનું નામ : ____________________________________________

મોબાઇલ નંબર : ____________________________________________

તારીખ : ____________________________________________

(સિક્કો) : ____________________________________________

શાળાનો સર્વે કરનારનું નામ : ______________________________________

શાળાનો સર્વે કરનારનું **હોદ્દો**: ______________________________________

શાળાનો સર્વે કરનારની સહી : ______________________________________

તારીખ : ____________________________________________

(સિક્કો) : ____________________________________________

## એનેક્ષર-૨

## સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર – ૨૦૧૭-૧૮ નોમિનેશન ફોર્મ ભરવા અંગે માર્ગદર્શન અને સુચનાઓ

- પાણી, શૌચાલય અને આરોગ્યલક્ષી સ્વચ્છતા સંબંધીત બાબતો શાળા કક્ષાએ થયેલ કામગીરીને બિરદાવવા અને તે કામગીરી માટે પ્રોત્સાહન અને અન્ય શાળાઓને પ્રેરણા પુરી પાડવા માટે માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય, ભારત સરકારની સુચના મુજબ  રાજયની શાળાઓ મહત્તમ સંખ્યામાં ભાગ લે તે આવશ્યક છે.
- આ માહિતી નિયત પત્રકમાં સંપૂર્ણ અને સાતત્યપૂર્ણ રીતે ભરી તબક્કાવાર તા.૧૯/૦૯/૨૦૧૭ થી તા. ૧૩/૧૦/૨૦૧૭ દરમ્યાન બ્લોક કક્ષાએ સુપ્રત કરવી.
- ફોર્મ ભરવામાં જરૂર જણાય ત્યાં તાલુકાના ટેકનીકલ રીસોર્સ પર્સન (ટી.આર.પી.) ની મદદ લેવી.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તમામ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ એવોર્ડ અંતર્ગત નોમિનેશન કરી શકે છે.
- એવોર્ડ માટેના સૂચકાંકોની ૫ કેટેગરીમાં માહિતી ભરવાની છે જેના મહત્તમ ગુણ નીચે મુજબ છે.

| કેટેગરી | મહત્તમ ગુણ |
|---|---|
| પાણી | ૨૨ |
| ટોયલેટ | ૨૮ |
| સાબુથી હાથ ધોવા | ૨૦ |
| વ્યવસ્થા અને જાળવણી | ૧૫ |
| વ્યવહારમાં બદલાવ અને ક્ષમતા નિર્માણ | ૧૫ |
| કુલ | ૧૦૦ |

- શાળાએ મેળવેલ ગુણને આધારે તેને નીચે મુજબ રેટિંગ આપવામાં આવશે.

| ગુણ | રેટિંગ |
|---|---|
| ૯૦-૧૦૦ | ☆☆☆☆☆ |
| ૭૫-૮૯ | ☆☆☆☆ |
| ૫૧-૭૪ | ☆☆☆ |
| ૩૫-૫૦ | ☆☆ |
| ૩૪ થી ઓછા | ☆ |

જિલ્લા કક્ષા  ( કુલ ૪૮ એવોર્ડ): માત્ર ૫- સ્ટાર, ૪- સ્ટાર અને ૩- સ્ટાર રેટેડ શાળાઓ માટે

- ✓ જિલ્લા કક્ષાના એવોર્ડ માટે ૫- સ્ટાર, ૪- સ્ટાર, અને ૩- સ્ટાર રેટિંગની તમામ શાળાઓ નોમિનેટ થઇ શકે.
- ✓ જિલ્લા કક્ષાના એવોર્ડ માટે નોમિનેટ થયેલ શાળાઓની જિલ્લા કક્ષાની કમિટિ દ્વારા ચેક લીસ્ટ અને ફાટોગ્રાફ લઇ ચકાસણી થશે.
- ✓ ગ્રામીણ વિસ્તારની ૩ પ્રારંભિક (ધો.૧થી ૮) અને ૩ માધ્યમિક (ધો.૯ થી ૧૦) શાળાઓ કે જેમનું રેટિંગ '૨- સ્ટાર' થી વધારે છે અને મહત્તમ ગુણ પ્રાપ્ત છે તેવી શાળાઓને જિલ્લા કક્ષાનો એવોર્ડ આપવામાં આવશે. (કુલ છ એવોર્ડ – ગ્રામ્ય શાળાઓ)
- ✓ ઉકત ૬ શાળાઓ ઉપરાંત જે તે પેટા કેટેગરીમાં મહત્તમ ગુણ મેળવનાર '૫- સ્ટાર' રેટિંગ ધરાવતી ૩ પ્રારંભિક અને ૩ માધ્યમિક શાળાઓને પેટા કેટેગરી પ્રમાણે જિલ્લા કક્ષાનો એવોર્ડ આપવામાં આવશે. (કુલ ૩૦ એવોર્ડ – ગ્રામ્યશાળાઓ )
- ✓ શહેરી વિસ્તારની ૧ પ્રારંભિક (ધો.૧ થી ૮) અને ૧ માધ્યમિક (ધો.૯ થી ૧૦) શાળાઓ કે જેમનું રેટિંગ '૨- સ્ટાર' થી વધારે છે અને મહત્તમગુણ પ્રાપ્ત છે તેવીશાળાઓને જિલ્લા કક્ષાનો એવોર્ડ આપવામાં આવશે. (કુલ ૨ એવોર્ડ – શહેરી શાળાઓ)
- ✓ ઉકત ૨ શાળાઓ ઉપરાંત જે તે પેટા કેટેગરીમાં મહત્તમ ગુણ મેળવનાર '૫- સ્ટાર' રેટિંગ ધરાવતી ૧ પ્રારંભિક (ધો.૧ થી ૮) અને ૧ માધ્યમિક શાળાને પેટા કેટેગરી પ્રમાણે જિલ્લા કક્ષાનો એવોર્ડ આપવામાં આવશે. (કુલ ૧૦ એવાર્ડ – શહેરીશાળાઓ)
- ✓ ઉકત ૪૮ શાળાઓને સ્વચ્છ વિદ્યાલય ઝુંબેશ અંતર્ગત તેમની કામગીરી બદલ એવોર્ડ સર્ટિફિકેટ આપવામાં આવશે.

<u>રાજય કક્ષા **(કુલ ૪૦ એવોર્ડ)**</u>

- ✓ જિલ્લાએ કક્ષાએ જે શાળાઓને એવોર્ડ મળેલ છે તેવી (૫- સ્ટાર અને ૪- સ્ટાર રેટિંગની) શાળાઓ રાજય કક્ષાના એવોર્ડ માટે નોમિનેટ થઇ શકશે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ જે શાળાઓને ૫- સ્ટાર રેટિંગ મળેલ છે તેવી તમામ શાળાઓને રાજય કક્ષાના એવોર્ડ માટે ધ્યાને લેવામાં આવશે.
- ✓ રાજય કક્ષાના એવોર્ડ માટે નોમિનેટ થયેલ શાળાઓની રાજય કક્ષાની કમિટિ દ્વારા ચેક લીસ્ટ અને ફોટોગ્રાફ લઇ ચકાસણી થશે.
- ✓ ૨૦ પ્રારંભિક (ધો.૧ થી ૮) અને ૨૦ માધ્યમિક (ધો.૧ થી ૧૦) શાળાઓ કે જેમના રેટિંગ '૪- સ્ટાર' થી ઓછા ન હોય અને મહત્તમ ગણ પ્રાપ્ત હોય તે શહેરી (૫ શાળાઓ) અને ગ્રામ્ય વિસ્તાર (૧૫ શાળાઓ) ની શાળાઓને રાજય કક્ષાનો એવોર્ડ આપવામાં આવશે.

- ✓ ઉકત ૪૦ શાળાઓને સ્વચ્છ વિદ્યાલય ઝુંબેશ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ સર્ટિફિકેટ અને રાજય કક્ષાએ નિયત થયેલ પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.
- ✓ રાજય કક્ષાના એવોર્ડ માટે પસંદ થયેલ શાળાઓમાંથી મહત્તમ ૨૦ પ્રારંભિક અને ૨૦ માધ્યમિક અને રાષ્ટ્રીય એવોર્ડ માટે ધ્યાને લેવાશે.

<u>રાષ્ટ્રીય કક્ષા (કુલ ૧૦૦ એવોર્ડ): માત્ર ૫- સ્ટાર રેટેડ શાળાઓ માટે</u>

- ✓ કુલ ૧૦૦ પ્રારંભિક (ધો.૧ થી ૮) અને માધ્યમિક (ધો.૯ થી ૧૦) શાળાઓને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ માટે પસંદ કરવામાં આવશે. જેમાં ૩૦ શહેરી વિસ્તારની અને ૭૦ ગ્રામ્ય વિસ્તારની રહેશે.
- ✓ પસંદ થયેલ ૧૦૦% શાળાઓની રાષ્ટ્રીય કક્ષાની કમિટિ દ્વારા ચેક લીસ્ટ અને ફોટોગ્રાફ લઇ ચકાસણી કરવામાં આવશે.
- ✓ ઉકત ૧૦૦ પ્રારંભિક અને માધ્યમિક શાળાઓને એવોર્ડ સર્ટિફિકેટ અને રૂા.૫૦,૦૦૦/- ની વધારાની ગ્રાન્ટ મળશે જેનો સ્વચ્છતા અને આરોગ્ય માટે શાળા ગ્રાન્ટની માર્ગદર્શિકા મુજબ શાળા ઉપયોગ કરી શકશે.
- ✓ વધુમાં '૫- સ્ટાર' રેટિંગ ધરાવતી શાળાઓની ટકાવારી મુજબ શ્રેષ્ઠ જિલ્લાને એવોર્ડ સર્ટિફિકેટ આપવામાં આવશે.

## <u>અગત્યની તારીખો</u>

| | |
|---|---|
| નોમિનેશન ફોર્મ ભરીને તબક્કાવાર પહોંચાડવાની છેલ્લી તારીખ | તા.૧૯ /૦૯/૨૦૧૭ થી<br>તા. ૧૩/ ૧૦/૨૦૧૭ |
| નોમિનેશનની ઓનલાઇન એન્ટ્રી કરવાની છેલ્લી તારીખ | તા. ૨૭/૧૦/૨૦૧૭ |
| જિલ્લા કક્ષાએ એવોર્ડ પરિણામની જાહેરાત | તા.૨૫/૧૧/૨૦૧૭ |
| રાજ્ય કક્ષાએ એવોર્ડ પરિણામની જાહેરાત | તા. ૦૭/૦૧/૨૦૧૮ |
| રાષ્ટ્ર કક્ષાએ એવોર્ડ પરિણામની જાહેરાત | તા. ૩૧/03/૨૦૧૮ |